DAY — 22 SEAT NUMBER | | | | | | |

2025	III	11	1100	J-437	(G)

SOCIOLOGY (45)

Time : 3 Hrs. **(7 Pages)** **Max. Marks : 80**

સૂચના : *(૧) દરેક પ્રશ્નોના ઉત્તર લખવા અનિવાર્ય છે.*

(૨) જમણી બાજુનાં અંક પૂર્ણ ગુણ દર્શાવે છે.

(૩) ચાર ગુણના ઉપપ્રશ્નો માટે ચાર મુદ્દા લખવા જરૂરી છે.

(૪) દરેક નવા પ્રશ્નનો ઉત્તર નવા પાના પર લખવો.

પ્ર. ૧. નીચે આપેલા ઉદ્દેશ્ય પ્રકારના પ્રશ્નોના ઉત્તર લખો : **[૨૦]**

(અ) કોષ્ટકમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી વાક્ય ફરીથી લખો : (૫)

(૧) વર્ધમાન મહાવીર એ જૈન ધર્મનાં ..... તીર્થંકર હતા.

(૨૪, ૨૨, ૧૬)

(૨) ગૌણ પ્રકારના સંબંધ ..... સમુદાયમાં જોવા મળે છે.

(ગ્રામીણ, આદિવાસી, નગર)

(૩) ગ્રામીણ ક્ષેત્રથી શહેરી ક્ષેત્ર તરફ થતાં સ્થળાંતરને ..... કહેવાય.

(ઔદ્યોગિકરણ, શહેરીકરણ, આધુનિકીકરણ)

(૪) ભારતીય લોકદલની શરૂઆત ..... ની સાલમાં થઈ હતી.

(૧૯૫૪, ૧૯૬૪, ૧૯૭૪)

(૫) ઘરેલું હિંસાનો કાયદો ..... ની સાલમાં થયો હતો.

(૧૯૯૫, ૨૦૦૫, ૨૦૧૧)

(બ) ખોટી જોડી સુધારી ફરીથી લખો : (૫)

(૧) (i) રાજમાર્ગ — હિંદુ ધર્મ

(ii) તીર્થંકર — પારસી ધર્મ

(iii) સંત થૉમસ — ખ્રિસ્તી ધર્મ

(iv) આઠ ગણો માર્ગ — બોદ્ધ ધર્મ

(૨) (i) મુંબઈ — ઝોપડપટ્ટી

(ii) દિલ્હી — ઝુગ્ગી-ઝોપડી

(iii) કોલકત્તા — ચેરી

(iv) બેંગલુરુ — કેરી

(૩) (i) ભાષા પર આધારિત સંઘર્ષ — આતંકવાદ

(ii) ધર્મ પર આધારિત સંઘર્ષ — કોમવાદ

(iii) જ્ઞાતિ પર આધારિત સંઘર્ષ — જ્ઞાતિવાદ

(iv) રાજ્ય પર આધારિત સંઘર્ષ — પ્રાદેશિકવાદ

(૪) (i) મહિલા ચળવળો — લિંગ સમાનતા

(ii) આંતરરાષ્ટ્રીય મહિલા વર્ષ — ૧૯૭૫

(iii) સમાનતા તરફ — ભારતમાં મહિલાઓની સ્થિતિ પર અહેવાલ

(iv) હોમરૂલ આંદોલન — માર્ગરેટ ક્યુસીન્સ (Margaret Cousins)

(૫) (i) મારિજુઆના — ડ્રગ વ્યસન

(ii) હિંસક ફિલ્મો — ઈન્ટરનેટ વ્યસન

(iii) સેલ્ફાયટિસ સિન્ડ્રોમ — માદક પદાર્થનું વ્યસન

(iv) દેશી દારૂ — દારૂનું વ્યસન

(ક) નીચે આપેલા કોષ્ટકમાંથી યોગ્ય વિકલ્પ શોધી વાક્ય ફરીથી લખો : (૫)

દેવરાય, શિક્ષક, મહાત્મા ગાંધી, ડૉ. બી.આર. આંબેડકર, ઔદ્યોગિકરણ, પિતૃસત્તા

(૧) ભારતનાં બંધારણોની મુસદ્દા સમિતિનાં અધ્યક્ષ.

(૨) આદિવાસી સમુદાયનાં પવિત્ર ગ્રુવ્સ (વન).

(૩) આ એક પ્રાપ્ત દરજ્જો છે.

(૪) ઉત્પાદનની પ્રક્રિયાનું યાંત્રિકીકરણ.

(૫) સ્ત્રીઓની નીચી સ્થિતિ.

(૬) રેખાંકિત શબ્દોને સુધારી વાક્ય પૂર્ણ કરો : (૫)

(૧) નિર્જીવ વસ્તુઓને પૂજવાના રિવાજને એનિમિઝમ કહેવાય છે.

(૨) સર્વધર્મસમભાવનો ખ્યાલ એકતા દર્શાવે છે.

(૩) નવી આર્થિક નીતિ વર્ષ ૧૯૯૬ માં અપનાવવામાં આવી હતી.

(૪) સરદાર સરોવર બંધ કાવેરી નદી ઉપર બાંધવામાં આવ્યો છે.

(૫) ઘડપણ એ એક કૃત્રિમ પ્રક્રિયા છે.

પ્ર. ૨. ટૂંક નોંધ લખો (કોઈપણ બે) : **[૮]**

(૧) પુરૂષાર્થ

(૨) ભારતમાં વિવિધતા

(૩) ડિજિટલાઈઝેશનની લાક્ષણિકતાઓ

પ્ર. ૩. તફાવત લખો (કોઈપણ ત્રણ) : **[૧૨]**

(૧) આદિવાસી સમુદાય અને શહેરી સમુદાય

(૨) ખ્રિસ્તી ધર્મ અને ઈસ્લામ ધર્મ

(૩) આધુનિકીકરણ અને વૈશ્વિકરણ

(૪) આઝાદી પૂર્વેના સમયગાળા દરમિયાન મહિલા ચળવળ અને સ્વતંત્રતા પછીના સમયગાળા દરમિયાન મહિલા ચળવળ

(૫) વ્યક્તિગત સમસ્યા અને સામાજિક સમસ્યા

પ્ર. ૪. નીચે આપેલા ખ્યાલો ઉદાહરણ આપી સમજાવો (કોઈપણ બે) : **[૮]**

(૧) આશ્રમ વ્યવસ્થા

(૨) કોમવાદ

(૩) શહેરીકરણ

પ્ર. ૫. (અ) નક્શો પૂર્ણ કરો : (૪) **[૧૨]**



(બ) નીચે આપેલા વાક્યો સાચાં છે કે ખોટાં તે કારણો આપી સમજાવો
(કોઈપણ બે) : (૮)

(૧) વસાહતી રાજની ભારતના સમાજ પર નોંધપાત્ર અસર હતી.

(૨) સમાજ સુધારકોએ ભારતીય સમાજમાં પરિવર્તન લાવ્યું.

(૩) સામાજિક પ્રગતિ માટે ટેક્નોલોજીનો કોઇ ઉપયોગ નથી.

પ્ર. ૬. (અ) ફકરો વાંચી નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : (૬) [૧૦]

સર્વશિક્ષા અભિયાન (એસ.એસ.એ.) એ ભારત સરકાર દ્વારા ૬-૧૪ વર્ષના બાળકો માટે શરૂ કરાયેલો મફત અને ફરજિયાત કાર્યક્રમ છે. આ કાર્યક્રમની શરૂઆત ભારતના ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી બાજપાઈ દ્વારા વર્ષ ૧૯૯૩-૯૪ માં કરવામાં આવી હતી. તે સંપૂર્ણપણે ૨૦૦૦-૨૦૦૧ થી અમલમાં આવી. આ કાર્યક્રમએ શિક્ષણને ફરજિયાત અધિકાર બનાવ્યો.

આની સાથે ભારત સરકાર દ્વારા નેશનલ પ્રોગ્રામ ઑફ ન્યુટ્રિશનલ સપોર્ટ ટૂ પ્રાયમરી એજ્યુકેશન (એનપી-એનએસપીઈ) ની શરૂઆત ૧૫મી ઓગસ્ટ ૧૯૯૫ ના કરી. અહીંથી 'મધ્યાહ્ન ભોજન' ના ખ્યાલની શરૂઆત થઈ. જે ગ્રામ પંચાયત તથા મ્યુનિસિપલ કેન્દ્રો દ્વારા સંભાળવામાં આવ્યું. મધ્યાહ્ન ભોજન ફરજિયાત છે. જેમાં બાળકોને સરસ, સ્વાદિષ્ટ આહાર નિયમિત આપવામાં આવે છે. ઘણી સંસ્થાઓ આના આયોજન કરવામાં, તેને બનાવીને શાળાઓ સુધી સમયસર પહોંચાડવા માટે લાગેલા છે.

સાર્વત્રિક શિક્ષણ અને પોષણ સાથોસાથ ચાલે છે. ગામડાઓ તથા મ્યુનિસિપાલટી શાળાઓમાં ભણતાં બાળકો આની માટે ઉત્સુક હોય છે. ઘણા બાળકો માટે આ આખ્ખા દિવસનું મહત્ત્વનું ભોજન ગણાય છે.

પ્રશ્નો :

(૧) શું તમને લાગે છે કે સર્વશિક્ષા અભિયાન ઉપયોગી છે ?

(૨) 'મધ્યાહ્ન ભોજન' શાળામાં વિદ્યાર્થીઓની હાજરીને પ્રોત્સાહન આપે છે ? યોગ્ય પુરવાર કરો.

(બ) તમારો વ્યક્તિગત પ્રતિભાવ આપો (કોઈપણ એક) : (૪)

(૧) એકતાનાં મૂલ્યનાં આધારે શાળાઓમાં યુનિફૉર્મનાં મહત્ત્વને સમજાવો.

(૨) પર્યાવરણ શિક્ષણ ગ્રહણ કર્યા બાદ તમારા વર્તનમાં કોઇ પ્રભાવ આવ્યો છે ખરો ?

પ્ર. ૭. કોઈપણ એક પ્રશ્નનો સવિસ્તર ઉત્તર ૧૫૦ થી ૨૦૦ શબ્દોમાં આપો : **[૧૦]**

(૧) ગ્રામીણ સમુદાયની સમસ્યાઓની ચર્ચા કરો અને તેના ઉકેલ માટે પગલાં સૂચવો.

(૨) ખેડૂતોનાં આપઘાતનાં કારણો પર પ્રકાશ પાડી તેના નિવારણ માટેનાં પગલાં સૂચવો.

◆◆◆